**<u>વડોદરાના મે. ૫માં એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં</u>**

**ફોજદારી કેસ નં. : ૧૦૭૩૯૦/૨૦૨૬**
**આંક :**

ફરીયાદી:–     શ્રી સરકાર

વિ.

**આરોપી:–     કનૈયાલાલ હરેશભાઈ ગાંગડીયા.**

**<u>ગુનો :– ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ–૨૦૧૭ ની કલમ ૬૬(૧)(બી), ૮૫ મુજબ</u>**

**<u>–:: ઠરાવ ::–</u>**

(૧) આજરોજ કાયમી લોક અદાલત હોય, નામ. જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, વડોદરા તરફથી સ્પેશ્યલ સીટીંગની અમો મેજીસ્ટ્રેટને સત્તા આપવામાં આવેલ છે તે મુજબ સદર કેસ આજરોજ રાખેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપી સામે **ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ –૨૦૧૭ ની કલમ ૬૬ (૧)(બી), ૮૫ મુજબ** મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પોલીસ દ્વારા આરોપી સામે ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આરોપી વિરુધ્ધ ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ –૨૦૧૭ ની કલમ ૮૫ મુજબનુ કોઈ વર્તન કરતો હોવા અંગેના કોઈ ચોકકસ શબ્દો કે હકીકતો ફરીયાદ કે પોલીસના નીવેદનમાં જણાઈ આવતી નથી કે આરોપીએ પોતાની જાતને ખુલ્લી મુકી દીધેલી હોય તેવી પણ કોઈ હકીકત રજુ થયેલ રેકર્ડ પર જણાઈ આવતી નથી. તેથી આરોપીને ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ –૨૦૧૭ની કલમ **૮૫ મુજબના ગુનામાંથી બિનતહોમત છોડી મુકી,** આરોપી સામે ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ–૨૦૧૭ ની કલમ **૬૬ (૧)(બી)** પુરતી પ્લી રેકર્ડ કરવામાં આવેલ.

(૪) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલાનુ જણાવેલ છે. વધુમાં આરોપી દવારા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, અમો ગરીબ ઘરના ઈસમ છીએ અને આવો ગુનો તેમનાથી અજાણતા થઈ ગયેલ છે અને તેનો તેમને પારાવાર પસ્તાવો થઈ રહયો છે. ભવિષ્યમાં આવો કોઈ જ કૃત્ય તેઓ કરશે નહી અને ઘરમાં કમાનાર સભ્ય તરીકે તેઓ એકલા જ છે. અમારી આર્થીક પરીસ્થીતી સારી નથી આ સંજોગોમાં દયા ભાવ રાખી ઓછામાં ઓછી સજા /દંડ કરવાનો યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૫) ઉપરોકત રેકર્ડ ઉપરની તમામ હકીકતો સાથે આરોપીની કબુલાત પુરસીસ દયાને લેતા જયારે આ કામના આરોપી તેઓની સામેના ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરતો હોય અને તેની ખાતરી કરેલ છે.

ત્યારે રેકર્ડ પરની તમામ હકીકતો તથા પરીસ્થીતીને ધ્યાને લેતા તેમજ આ તબકકે નામદાર વડી અદાલતનો **ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯,** ઉપર પ્રસીધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતા તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧ મા જણાવેલ કારણો ધ્યાને લઈ આ કામના આરોપી કુટુંબ કબીલા વાળા છે અને એક માત્ર કમાનાર વ્યકતી હોય નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ કાયદા ધ્વારા નકી કરવામાં આવેલ કરતા ન્યુનતમ સજા કરતા પણ ઓછામાં ઓછી સજા કરીને ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

- આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૭૫ અન્વયે **ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ-૨૦૧૭ ની કલમ – ૬૬(૧)(બી)** મુજબના ગુન્હા સબબ દોષીત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા)** ના દંડનો હુકમ કરવામાં આવે છે અને જો આ કામના આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન-૫** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- આજરોજ લોકઅદાલતની સ્પેશ્યલ સીટીંગમાં હુકમ જાહેર કર્યો.

**(ડી.પી.શાહ)**
**પમાં જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**
**વડોદરા.**
**(જી.જે. ૦૧૬૫૭)**

**તા. ૧૧/૦૭/૨૦૨૬**
**સ્થળ- વડોદરા**

પાવતી નં.
તારીખ:- ૧૧/૦૭/૨૦૨૬
રૂપિયા:-

નાઝર
ચિફ જયુડી.મેજી.કોર્ટ, વડોદરા